# વિઘ્નહર્તાના આગમનથી શહેરીજનો હર્ષઘેલા બન્યા

## શહેરમાં ચારેકોર વાજતે ગાજતે 'ગણપતિ બાપ્પા મોરિયા'નો જયઘોષ ગૂંજી ઉઠ્યો : માટીની ઈકોફ્રેન્ડલી મૂર્તિઓની બોલબાલા : સે.૨૨ રંગમંચ, સે.૧૬ બ્રહ્મસમાજ ભવન ઉપરાંત સે.૩ડી અને સે.૨સી સહિત સાર્વજનિક સ્થાપન થયાં પરંતુ સાંસ્કૃતિક કાર્યક્રમો નહીં યોજાય

ગાંધીનગર, તા.૧૦ આજે ગણેશ ચતુર્થીના પાવન દિવસે સમગ્ર શહેરમાં ગણપતિ બાપ્પા મોરિયાનો જયઘોષ ગૂંજી ઉઠ્યો હતો. શહેરીજનોએ હેતપૂર્વક બાપ્પાના વધામણાં કર્યા હતા અને વિઘ્નહર્તાની પધરામણી થતાં જ ભાવિકો આનંદથી ઝુમી ઉઠ્યાં હતા. શહેરીજનોએ મંગલમૂર્તિને ડીજેના તાલે વાજતે ગાજતે માથે લઈને ફર્યા બાદ સ્થાપન કર્યુ હતું. શહેરના સેક્ટર-૨૨ના રંગમંચ પર સંપુર્ણ શાસ્ત્રોક્ત વિધીપૂર્વક બપોરે ૧૨.૩૯ના વિજય મુહુર્તમાં વિઘ્નહર્તાની સ્થાપના કરાઈ હતી. આ સાથે શહેરમાં સે.૧૬માં બ્રહ્મસમાજ ભવન ખાતે, સે.૩ડીમાં મિત્ર યુવક મંડળ દ્વારા નવરાત્રી ચોકમાં અને સે.૨સી સહિત અનેક ઠેકાણે ગણેશજીનું વિધિવત્ સ્થાપન કરાયું હતું અને શ્રીજીની આરતી ઉતારવામાં આવી હતી.

'જય ગણેશ જય ગણેશ'ના નાદ સાથે દુંદાળા દેવ ગજાનંદ ગણપતિ મહારાજની હેતપૂર્વક આરતી ઉતારવા સાથે ભાવિકોએ શ્રધ્ધાના ભાવમાં ગણપતિ બાપ્પાના નામનો જયજયકાર કર્યો હતો. શહેરમાં ઠેર ઠેર વસાહતીઓના ઘરમાં ગજાનન ગણપતિ મહારાજનું સ્થાપન કરાયુ છે પછી તે રહેણાંક સોસાયટીઓ હોય, ફ્લેટ હોય કે વસાહતો હોય. આ ઉપરાંત શહેરમાં ખાનગી પેઢીઓ અને કંપનીની ઓફિસોમાં સહિત અત્ર તત્ર સર્વત્ર વિઘ્નહર્તા ગણપતિ દાદાના સ્થાપન સાથે પૂજા અર્ચના અને આરતી કરવામાં આવી હતી. મોટાભાગના શ્રધ્ધાળુઓએ શ્રીજીને માટીથી બનેલી ઈકોફ્રેન્ડલી મૂર્તિનું સ્થાપન કરવાનું પસંદ કર્યુ છે. શહેરમાં જે સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરાયુ છે તેમાં તેમાં આ વર્ષે પણ કોઈ કાર્યક્રમના આયોજન કરવામાં આવ્યા નથી પરંતુ શ્રધ્ધાળુઓ કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરી સોશ્યલ ડિસ્ટન્સ સાથે બાપ્પાના દર્શન કરી શકશે.

કોરોના મહામારીના પગલે છેલ્લાં દોઢેક વર્ષથી પાટનગરમાં તમામ તહેવારો બંધ રહ્યાં હતાં અથવા ફિક્કા રહેવા પામ્યા હતા પરંતુ સાંપ્રત પરિસ્થિતિમાં કોવિડ-૧૯ના કેસો રાજ્યમાં નહિવત સંખ્યામાં હોવાને પગલે સરકારે પણ ગણપતિ ઉત્સવ અને નવરાત્રિ માટે છૂટછાટનો સંકેત આપ્યો છે જેના પગલે શ્રધ્ધાળુ ભાવિકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આગામી દિવસોમાં ગણેશ ઉત્સવનો આનંદ ચરમસીમાએ પહોંચશે તેવું જણાઈ રહ્યું છે. સ્થાપના સાથે જ ભાવિકોએ વિઘ્નહર્તા સમક્ષ કોરોના મહામારીથી ઝડપથી મુક્તિ મળે તે માટે પ્રાર્થના વ્યક્ત કરી હતી. આજે સવારથી જ શહેરમાં વરસાદી માહોલ છવાયો હોવાથી શ્રધ્ધાળુઓનો આનંદ બેવડાયો હતો.






## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ડેડી મને હવે ઓફ લાઈન શિક્ષણમાં રસ નથી પડતો હું સ્કુલે નથી જવાનો...!!

## ગ-૨ સર્કલ પાસે લાકડાંથી ઢાંકેલા ઉંડા ખાડામાં ભેંસ ખાબકી..!!

### પાણીની પાઈપ લાઈન માટે ખોદવામાં આવેલા ઊંડા ખાડાને વરસાદમાં લાકડાંથી ઢાંકી દેવાની બેદરકારી : ફાયર બ્રિગેડની ટીમે મહામહેનતે ભેંસને બહાર કાઢી : રાહદારીઓ અને વાહનચાલકો માટે ખાડો જોખમી

ગાંધીનગર તા.૧૦ વરસાદ પડે એટલે શહેરમાં ભૂવા પડે એ વાત તો સામાન્ય થઈ ગઈ છે પરંતુ ગાંધીનગરમાં તંત્ર દ્વારા ખોદવામાં આવેલા ખાડા વરસાદી સિઝનમાં જોખમી પુરવાર થાય તેવી ઘટના ગ - ૨ સર્કલ નજીક સર્જાઇ હતી. ગ-૨ પાસે પાણીની પાઈપ લાઈન માટે ખોદવામાં આવેલા ઊંડા ખાડામાં એક ભેંસ ગરકાવ થઈ જતાં ફાયર બ્રિગેડની ટીમ બોલાવવી પડી હતી અને મહામહેનતે ભેંસને બહાર કાઢવામાં આવી હતી. આ ઘટના સાથે જ ચોમાસામાં વરસાદ વરસતા પાઈપલાઈન માટે કરાયેલા ખાડા લાકડાના પાટિયાઓ વડે ઢાંકી દેવાની ગંભીર બેદરકારી સામે આવી છે.

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ વિકાસના કામો હાથ ધરાયાં છે જેમાં નાગરિકોને મીટરથી પાણી આપવાની દિશામાં પણ કામગીરી કરાઈ છે. આ સાથે શહેરમાં પાણીની જુની પાઈપલાઈન બદલીને નવી પાઈપલાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદવામાં આવેલા ખાડા વરસાદી સિઝનમાં જોખમી સાબિત થઈ રહ્યા છે. ગાંધીનગરના ગ-માર્ગ પરના ગ-૨ સર્કલ નજીક તંત્ર દ્વારા પાણીની પાઈપ લાઈન માટે એક મોટો ખાડો ખોદવામાં આવ્યો છે. વરસાદી સિઝન શરૂ થઈ ચૂકી હોવા છતાં તંત્ર ધ્વારા આ જોખમી ખાડો પૂરવાની તસ્દી લેવામાં આવી ન હતી. ઊલટાનું ખાડાને લાકડાના પાટિયા મૂકીને ઢાંકી દેવામાં આવ્યો હતો. અહીંથી પસાર થતા રાહદારીઓ પણ અજાણતા લાકડાના પાટિયાથી ઢાંકેલા જોખમી ખાડા પરથી અવારનવાર પસાર થઈ ચૂક્યા છે, સદભાગ્યે કોઈ આ ખાડામાં પડી જવા નથી પામ્યું. પરંતુ આજે આજે એક ભેંસ ઢાંકી દેવામાં આવેલા આ ઊંડા જોખમી ખાડામાં ગરકાવ થઈ ગઈ હતી. આ ઘટનાની જાણ આસપાસના વસાહતીઓને થતાં ફાયર બ્રિગેડને બોલવવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમ તુરત સ્થળ પર દોડી ગઈ હતી. અને દોરડા બાંધીને ભેંસને મહામહેનતે બહાર કાઢી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કેટલાંક મહિનાઓ પહેલા ગ-૪ ખાતે બની રહેલા અંડરપાસના નિર્માણ માટે ખોદવામાં આવેલા ખાડા ફરતે સુરક્ષાના અભાવે બે કિશોરો સાયકલ સાથે ઉંડા ખાડામાં પડી જતાં ગંભીર ઈજાનો ભોગ બન્યાં હતા જે પૈકી એક કિશોર હજુ પણ સારવાર સાથે ઝઝુમી રહ્યો છે.





### ખ-માર્ગ પર અચાનક ફુટપાથ બેસી જતાં યુવક ઘવાયો

શહેરમાં વરસાદ પડે એટલે રસ્તા પર ભૂવા પડે પરંતુ હવે તો ગાંધીનગરમાં ફુટપાથ પર પણ ભુવા પડી જાય ત્યારે નાગરિકો માટે તો વરસાદમાં ફૂટપાથ પર ચાલવું પણ જોખમી બની રહ્યું છે. શુક્રવારે શહેરમાં વરસેલા વરસાદમાં એક યુવક ખ-માર્ગ પર સેક્ટર-૪ના બસ સ્ટોપ પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક જ ફૂટપાથ નીચેની જમીન બેસી જતાં ૨ ફુટ જેટલો ઉંડો મસમોટો ખાડો પડી ગયો હતો તે યુવકનો પગ તેમાં ફસાઈ જતાં તે પડી ગયો હતો અને તેના પગે ઈજાઓ થઈ જવા પામી હતી. આ ઘટનામાં યુવકનો મોબાઈલ ફોન પણ પડી જતાં તૂટી જવા પામ્યો હતો. આ ઘટના દર્શાવે છે કે ફુટપાથના નિર્માણમાં માટી પુરાણના કાર્યમાં બેદરકારી દાખવવામાં આવી છે જે સવારે મોર્નિંગ વોકથી માંડીને સાંજે ઈવનિંગ વૉક માટે ફૂટપાથ પર ચાલવા નીકળતા નાગરિકો માટે ચોમાસાની ઋતુમાં જોખમી સાબિત થઈ શકે છે. આ માર્ગ પર અનેક જગ્યાએ ફૂટપાથ વરસાદમાં બેસી જવા પામી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા રિસાયકલ કરેલા ટ્રી ગાર્ડ લોકોની જરૂરિયાત અને અગ્રતાને ધ્યાને રાખી તેનુ વિતરણ કરશે.
- ગાંધીનગર શહેરમાં આજે સંવત્સરી અને ગણેશચતુર્થી પર્વની ઉજવણી અત્યંત ભાવસભર માહોલમાં થઈ હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- આજે રજા હોવા છતાં જિલ્લાની ઘણી કચેરીઓ કાર્યરત રહી હતી.
- ગાંધીનગર શહેરમાં થયેલા વરસાદને પગલે ભાજપના કાર્યાલયના ભોંયરા સહિત ઘણા સ્થળોએ પાણી ભરાઈ જવા પામ્યા હતા.
- ગાંધીનગર શહેરના સરગાસણ અને ટી.પી.-૯ ના વિસ્તારમાં આજે મનપાની ટીમો દ્વારા વ્હીકલ માઉન્ટેડ ફોગીંગ મશીન દ્વારા ફોગીંગની કાર્યવાહી કરવામાં આવી હતી.
- ભારતીય જનતા પાર્ટીએ પ્રદેશના વિવિધ સેલના સભ્યોની તેમજ વિવિધ મોરચાની કારોબારી સમિતિની રચનાની જાહેરાત કરી છે.
- ગાંધીનગરના ૪૦ જેટલા વકીલો ત્રિદિવસીય વેકેશનને માણવા ઉદેપુર પહોંચ્યા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં વાઈરલ ફિવરના દર્દીઓની સંખ્યા વધતાં તંત્ર ચિંતાતુર બન્યુ.

## વરસાદમાં પલળતાં 'આપ'ના ઉમેદવારોએ સે.૧૩ના છાપરાંનો રસ્તો સરખો કરાવ્યો

ગાંધીનગર, તા. ૧૦ ગાંધીનગરમાં બે દિવસથી વરસી રહેલા વરસાદના લીધે સે.૧૩માં રેલવે સ્ટેશન પાસેના છાપરામાં આવવા-જવાના રસ્તે ઘણા સમયથી પડેલા ખાડાઓમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યું હતું અને પાણી ભરાઈ રહેવાને કારણે સમગ્ર વિસ્તાર ગંદકીથી ખદબદી ઉઠ્યો છે.



જોકે શુક્રવારે સવાર ૮ વાગ્યાથી વરસતા વરસાદમાં પણ મનપાના વોર્ડ નં. ૬ના આમ આદમી પાર્ટીના ઉમેદવારો આ રસ્તાનું લેવલીંગ કરવા અર્થે મેદાને પડી ગયા હતા અને જેસીબી મશીન બોલાવી આપના ઉમેદવારોએ વરસાદમાં પલળતા ઉભા રહીને કામ કરાવી રહ્યાં હતા ત્યારે સ્થાનિક વસ્તીના વસાહતીઓ તેમના માટે છત્રીઓ લઈને દોડી આવ્યાં હતા અને તેમનો આભાર માન્યો હતો.

## સરદારધામ ફેઝ-૨ ના વિવિધ પ્રકલ્પોનું વડાપ્રધાનના હસ્તે આજે ઈ-ભૂમિપૂજન

ગાંધીનગર, તા. ૧૦ વૈષ્ણોદેવી સર્કલ નજીક આકાર પામેલ સરદારધામના બીજા તબક્કાના વિવિધ પ્રકલ્પોનું ઈ-ભૂમિપૂજન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આગામી તા. ૧૧મી સપ્ટેમ્બરના રોજ યોજાશે.



સરદાર સાહેબના વિચારો અને આદર્શોને મૂર્તિમંત કરવાના ભાગરૂપે સરદારધામના સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણના સંકલ્પને સાકાર કરવા સરદારધામનું નિર્માણ કરવામાં આવ્યું છે સરદારધામનું બાંધકામ અંદાજીત રૂ.૨૦૦ કરોડના ખર્ચે ૧૧,૬૭૦ સ્કવેર મિટરના પ્લોટમાં આશરે ૭ લાખ સ્કવેર ફૂટના બાંધકામ સાથે નિર્માણ થયું છે. સરદારધામની વિશાળ બિલ્ડીંગ અને સરદારધામ ફેઝ-૨ અંતર્ગત રૂ. ૨૦૦ કરોડના ખર્ચે ૨૫૦૦ દીકરીઓ માટે બનવાનું છે કન્યા છાત્રાલય, નવનિર્મિત સરદારધામ ભવનના ઈ-લોકાર્પણ અને કન્યા છાત્રાલયનું ઈ-ભૂમિપૂજન ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે કરવામાં આવશે અને મુખ્ય મહેમાન તરીકે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, કેન્દ્રીય કેબિનેટ મંત્રી મનસુખભાઈ માંડવિયા, કેન્દ્રીય કેબિનેટ મંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા તેમજ રાજયના મંત્રીમંડળના સભ્યો તેમજ સરદારધામના ભવનદાતાઓ-ભુમિદાતાઓ અને ટ્રસ્ટીઓની ઉપસ્થિતિમાં સંપન્ન થશે.

સમસ્ત પાટીદારની એકતાનું ધામ એવું સરદારધામ એક "સ્ટેટ ઓફ ધ આર્ટ બિલ્ડીગ"નું નિર્માણ થયું છે. જ્યાં ૮૦૦ દીકરાઓ અને ૮૦૦ દીકરીઓ માટે અલગ-અલગ છાત્રાલય છે. સાથે ૧૦૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા સાથેની ઈ-લાઈબ્રેરી, વિદ્યાર્થીઓ માટે પુસ્તકાલય અને વાંચનાલયની સુવિધા છે. સાથે જ છાત્રાલયો ખાતે જીમ્નેશીયમ અને હેલ્થકેર યુનિટની પણ અલાયાદી વ્યવસ્થા છે, જે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અને સ્વસ્થ જીવનની સંભાળ રાખશે. સાથે જ ઈન્ડોર ગેમ્સ સાથેના ૨ ડાઈનીંગ હોલ અને અત્યાધુનિક અને હાઈજીનીક કિચન પણ બનાવવામાં આવ્યું છે જેથી વિદ્યાર્થીઓને શુદ્ધ અને પૌષ્ટિક ભોજન પણ મળશે અને રમત-ગમતનો આનંદ સાથે કારકિર્દી બનાવવાનું આદર્શ સ્થળ છે.

## ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસમાં કનુભાઈ દેસાઈની મંત્રીપદે વરણી

ગાંધીનગર તા. ૧૦ ગાંધીનગર શહેર રબારી સમાજના યુવા આગેવાન



કનુભાઈ દેસાઈની ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસમાં મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી છે. આજે તેમને પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા જયરાજસિંહ વાઘેલા તથા શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં નિમણૂંકપત્ર એનાયત કરાયો હતો. કનુભાઈ દેસાઈ ગાંધીનગર શહેર કોંગ્રેસના પાયાના કાર્યકર અને માલધારીઓના ગોરસ સંગઠનમાં પણ ગાંધીનગર શહેર ઉપપ્રમુખ તરીકે કાર્યરત છે. તેઓ પર્યાવરણ પ્રેમી સ્વયંસેવક હોવા સાથે ગાંધીનગર શહેરની ઘણી સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. કનુભાઈ દેસાઈની નિમણુંકથી ગાંધીનગર શહેર કોંગ્રેસના કાર્યકરો, યુવાઓ અને રબારી સમાજમાં ખુબજ હર્ષની લાગણી પ્રવર્તી રહી છે.



### સે.૫એમાં નાવડીની થીમ સાથે બિરાજ્યા ગણેશજી

ગાંધીનગરમાં વિઘ્નહર્તા ગણપતિજીનું વાજતે ગાજતે આગમન થઈ ચુકી છે શહેરના સેક્ટર-૫એ ખાતે સેવાભાવી સંસ્થા ગૂંજ ફાઉન્ડેશનના યુવાનો દ્વારા દર વર્ષની જેમ આ આ વર્ષે પણ શ્રીજીની સ્થાપના કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે અલગ અલગ થીમ અનુસાર સજાવટ કરવાની પરંપરાનો ભાગ અન્વયે આ વર્ષે યુવાનો દ્વારા ગણપતિજીની નાવડીની થીમ સાથે સ્થાપના કરી છે.

## મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરના ૫ વિદ્યાર્થીઓ ઝળક્યા

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર ખાતેથી ૩૦ ઉમેદવારોએ ઈન્ટરવ્યુ આપ્યા હતા. આ પૈકી ૫ વિદ્યાર્થીઓ અંતિમ યાદીમાં પસંદગી પામ્યા છે. જે પૈકી વર્ગ-૧માં કુલ ૨ ઉમેદવાર પૈકી ૧ ઉમેદવારે મદદનીશ કમિશનર આદિજાતિ વિકાસ તરીકે અક્ષય ઝરે, ૧ ઉમેદવાર નાયબ પોલીસ અધિક્ષક તરીકે ચંદ્રરાજ સોલંકી, વર્ગ-૨ માં ૩ ઉમેદવારો પૈકી ૨ ઉમેદવારો તાલુકા વિકાસ અધિકારી તરીકે નિકુંજ પટેલ અને ભૂમિકા પટેલ, ૧ ઉમેદવાર મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર તરીકે તેજસ પટ્ટણી, સંસ્થા પરિવાર તરફથી તમામ સફળ ઉમેદવારોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.